# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-01-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભૂંડીયા** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM Mahakumbh

શ્રદ્ધાળુઓ માટે મહાકુંભની યાત્રા સરળ બનાવવા માટે રાજ્ય સરકારે દરરોજ ગુજરાતથી પ્રયાગરાજ એસી વોલ્વો બસ શરૂ કરવાની જાહેરાત કરી છે.

આગામી 27મી જાન્યુઆરીથી આ સેવા શરૂ કરવામાં આવશે. પ્રથમ દિવસે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ગાંધીનગર સર્કિટ હાઉસથી આ યાત્રાને પ્રસ્થાન કરાવશે. ત્યારબાદ દરરોજ સવારે સાત વાગે રાણીપ એસ.ટી. ડેપો, અમદાવાદથી એસી વોલ્વો બસ પ્રયાગરાજ જશે.

માત્ર આઠ હજાર 100 રૂપિયામાં પ્રતિ વ્યકિત ત્રણ રાત્રી ચાર દિવસનું પેકેજ રાજ્યનાં શ્રદ્ધાળુઓ માટે એસટી નિગમ અને પ્રવાસન વિભાગનાં સંયુક્ત ઉપક્રમે તૈયાર કરવામાં આવ્યું છે. આ પેકેજમાં ત્રણ રાત્રી માટે રોકાણ અને બસ મુસાફરીનો સમાવેશ કરવામાં આવ્યો છે. રાત્રીરોકાણ પ્રયાગરાજમાં ગુજરાત પેવેલીયનની ડોરમેટરીમાં કરવામાં આવ્યું છે. પ્રયાગરાજ પેકેજનું બુકિંગ આવતીકાલથી એસટી નિગમની વેબસાઈટ www.gsrtc.in મારફતે કરી શકાશે.

. . . . . . . . . . . . .

# Republic Day – Delhi - Katch

આગામી 26મી જાન્યુઆરીએ પ્રજાસત્તાક પરેડમાં ઉપસ્થિત રહેવાં કચ્છ જિલ્લાનાં ત્રણ ખાસ મહેમાનોને આમંત્રણ આપવામાં આવ્યું છે.

આ અંગે સાંભળીએ એક અહેવાલ...

**(કેપ્સુલ – અશરફ નથવાણી, ભુજ એડિટર)**

**(બાઈટ –(1) અશરફ નથવાણી, ભુજ એડિટર)**

**(2) પદ્મશ્રી, અબ્દુલ ગફુર ખત્રી)**

**(3) જનકસિંહ જાડેજા, કચ્છ જિલ્લા પંચાયત,પ્રમુખ)**

**(4) જયાબેન પટેલ, સરપંચ દયાપર ગ્રામ પંચાયત)**

**(5) અશરફ નથવાણી, ભુજ એડિટર)**

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# GUJARAT CHIEF SECRETARY

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધિક મુખ્ય સચિવ પંકજ જોષી ગુજરાતના નવા મુખ્ય સચિવ બનશે. હાલના મુખ્ય સચિવ રાજકુમારનો કાર્યકાળ 31 જાન્યુઆરીએ પૂર્ણ થઈ રહ્યો છે. ત્યારે પંકજ જોષી હાલ મુખ્યમંત્રી કાર્યાલયમાં અધિક મુખ્ય સચિવ તરીકે કાર્યરત છે. તેઓ 1989ની બેચના ગુજરાત કેડરના IAS અધિકારી છે. પંકજ જોષી પહેલી ફેબ્રુઆરી મુખ્ય સચિવનો ચાર્જ સંભાળશે.

. . . . . . . . . . . . .

# Vadodara School – Bomb Threat

વડોદરા શહેરની ત્રણ શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ઈ-મેઈલથી ધમકી મળતા પોલીસે ત્રણેય શાળાઓમાં બોમ્બ સ્કવોડ સાથે તપાસ શરૂ કરી છે.

વડોદરા શહેરનાં ભાયલી વિસ્તારમાં આવેલી નવરચના શાળાનાં આચાર્યને સવારે ઈમેઈલ મળ્યો હતો. આચાર્યએ આ અંગેની જાણ પોલીસને કરી હતી.

પોલીસે નવરચના ગ્રુપની ત્રણ શાળાઓમાં બોમ્બ સ્કવોર્ડ સહિત ફાયરબ્રિગેડ અને એમ્બુલન્સ સેવાઓ તૈનાત કરી હતી. જોકે અત્યાર સુધી કોઈપણ વાંધાજનક વસ્તુઓ મળી નથી.

. . . . . . . . . . . . .

# Five Planets Parede

રાજ્યમાં આજે અને આવતીકાલે રાત્રે સાતથી દસનાં સમયગાળા દરમ્યાન એક દુલર્ભ ખગોળીય ઘટના જોવા મળશે. સૂર્યની આસપાસ ફરતા આઠ ગ્રહોમાંથી પાંચ ગ્રહો એક જ ક્ષેત્રમાં સંરેખિત થશે. એટલે કે ગ્રહોની પરેડ જોવા મળશે.

આ ઘટનાનાં સાક્ષી બનવા માટે તેમજ આ ઘટના રાજ્યનાં લોકો સુધી પહોંચે તે માટે ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા અમદાવાદ સાયન્સ સીટી, રિજીયોનલ સાયન્સ સેન્ટર ભૂજ, પાટણ, રાજકોટ, અને ભાવનગર તેમજ રાજ્યભરનાં કોમ્યુનિટી સાયન્સ સેન્ટરોના સહયોગથી જાહેર અવલોકન કાર્યક્રમોની શ્રુંખલાનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો જાહેર જનતા લાભ લઈ શકે છે.

. . . . . . . . . . . . .

# SURENDRANAGAR REPUBLIC DAY

સુરેન્દ્રનગરમાં જિલ્લા કક્ષા પ્રજાસત્તાક પર્વની  મૂળી ખાતે ઉજવણી કરાશે. જે અંતર્ગત મુળી ગામના પ્રવેશદ્વાર સામેના ગ્રાઉન્ડ ખાતે રિયલ ટાઈમ રિહર્સલ યોજાયું હતું. ત્યાર બાદ ટેબ્લો નિદર્શન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે નિવાસી અધિક કલેકટર રાજેન્દ્ર ઓઝાએ કાર્યક્રમ અને પોલીસ પરેડ રિહર્સલનું નિરીક્ષણ કર્યું હતું.

. . . . . . . . . . . . .

# ARAVALLI INDUCTION EXHIBITION

ભારતીય વાયુસેના દ્વારા અરવલ્લી જિલ્લામાં પ્રથમવાર પ્રેરણ પ્રચાર પ્રદર્શન યોજાયું. જે અંતર્ગત મોડાસાની સર પી ટી વિજ્ઞાન મહાવિદ્યાલય  ખાતે યોજાયેલા આ પ્રદર્શનમાં વિદ્યાર્થીઓને ભારતીય વાયુસેનામાં કેવી રીતે ભરતી થાય છે, કેવી તકો હોય છે, કેવી રીતે આગળ વધી શકાય, તે અંગે જરૂરી જાણકારી આપવામાં આવી હતી.

. . . . . . . . . . . . .